## ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર
## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૦૧ થી ૦૭ ઓગષ્ટ, ૨૦૧૬)
**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| | વાસ્તવિક વરસાદ (મીમી) | | | | | | | | ભારતીય હવામાન શાખાની આગાહી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જુલાઈ | | | | | | ઓગષ્ટ | | | | | | |
| તારીખ | ૨૧–૨૭ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ગુજરાત | | | | | | | | | | | | | |
| અમરેલી | ૧૦.૮ | ૦.૮ | ૬.૪ | ૬.૭ | ૧૦.૧ | ૧૧.૬ | ૧૨.૬ | ૧.૪ | ૨૭ | ૧૬ | ૧૦ | ૧૫ | ૧૩ |
| ભાવનગર | ૧૫.૮ | ૩.૫ | ૯.૬ | ૧૪ | ૧૬.૫ | ૧૫.૫ | ૨૨.૨ | ૦.૪ | ૨૩ | ૯ | ૪ | ૯ | ૯ |
| જામનગર | ૩.૮ | ૦ | ૦ | ૧૮.૬ | ૩૫.૬ | ૧૯.૭ | ૧૨.૭ | ૦.૬ | ૨૩ | ૧૮ | ૧૫ | ૮ | ૦ |
| રાજકોટ | ૧.૯ | ૦.૪ | ૨.૪ | ૨.૪ | ૬ | ૨૩.૪ | ૩૯.૬ | ૦ | ૨૩ | ૧૬ | ૧૦ | ૧૫ | ૩ |
| ભરૂચ | ૧૩.૯ | ૫.૫ | ૬ | ૬.૨ | ૧.૧ | ૧૨.૫ | ૧૦.૭ | ૬.૬ | ૪૫ | ૧૪ | ૭ | ૯ | ૨૩ |
| સાંબરકાંઠા | ૨૦.૮ | ૨ | ૧૦.૫ | ૨ | ૧૯.૩ | ૫.૧ | ૪.૮ | ૧૭.૮ | ૭૨ | ૨૪ | ૩ | ૧૧ | ૬ |
| સુરેન્દ્રનગર | ૧૧ | ૧ | ૨.૪ | ૦ | ૨.૩ | ૨.૭ | ૩.૭ | ૦ | ૨૪ | ૧૮ | ૭ | ૫ | ૩ |
| અમદાવાદ | ૬.૯ | ૧.૧ | ૮.૬ | ૪.૨ | ૦.૮ | ૯.૧ | ૮.૭ | ૦.૨ | ૪૮ | ૨૬ | ૭ | ૧૫ | ૧૧ |
| વડોદરા | ૧૮.૧ | ૧૧.૯ | ૨૨.૧ | ૧૭.૨ | ૧.૧ | ૯.૫ | ૨૬.૭ | ૨૦.૫ | ૫૭ | ૩૮ | ૨૩ | ૨૦ | ૨૮ |
| પાટણ | ૨૫.૬ | ૧૮ | ૦.૩ | ૫.૧ | ૦.૬ | ૧૪.૬ | ૦ | ૦ | ૭૫ | ૪૭ | ૧૦ | ૨૪ | ૧૦ |
| મહેસાણા | ૭.૮ | ૧.૭ | ૯.૬ | ૩.૭ | ૨.૯ | ૨૫.૪ | ૫.૬ | ૦ | ૭૫ | ૨૮ | ૧૦ | ૧૭ | ૧૦ |

**સલાહ**

રાજયમાં વાવણી પુર્ણ થઈ ચુકેલ છે. જુલાઈ બાદ વાવણી થયેલ કપાસમાં સીઝનનાં અંતમાં ગુલાબી ઈયળનાં નુકશાનની વધુ શકયતા રહે છે. ઓગષ્ટ ૧, ૨૦૧૬ સુધીમાં કપાસની વાવણી ૨૧.૮૬ લાખ હેકટર જેટલાં વિસ્તારમાં થયેલ છે. મોડી વાવણી હેઠળ લગભગ ૩૦% વિસ્તાર ગણી શકાય. ચાલુ સીઝનમાં થોડા થોડા દિવસનાં આંતરે તેમજ મોડી વાવણીથી ગુલાબી ઈયળનો ઉપદ્રવ વધુ રહેવાની શકયતા છે. જુનાગઢ ખાતે પાક ૨૦–૨૫ દિવસનો છે. આંતરખેડ અને નિંદામણ જેવાં ખેતી કાર્યો કરવામાં આવી રહયા છે. લીલાં તડતડીયાનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્ય માત્રાથી ઓછો છે. વહેલી વાવણી કરેલ કપાસમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળેલ છે. જુનાગઢ નજીકનાં ૨૦ જેટલાં સ્થળો ઉપર ૦–૫૦% જેટલો ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળેલ છે અને ૨૦ જેટલાં ફુલોમાં ૦–૧૦ જેટલી ઈયળની હાજરી નોંધાયેલ છે. ખેડુતનાં ખેતર ઉપર ભુખરા ચાંચવાના પુખ્ત કીટક દ્વારા છોડોનાં પાનો ઉપર નુકશાન થકી અનિયમિત નસોવાળા પાનો જોવા મળેલ છે. આવી ગૌણ જીવાત સામે કોઈ કીટ નિયંત્રણનાં પગલાં લેવાની જરૂર નથી. સુરત ખાતે પાક બીજસ્ફુરણ થી વાનસ્પતિક વૃધ્ધિ અવસ્થામાં છે. ચોમાસા પહેલાં વાવેતર થયેલ કપાસમાં ગુલાબી ઈયળનાં ઉપદ્રવનાં અહેવાલ છે. ચોમાસા પહેલાં વાવેતર થયેલ કપાસમાં ફુલ અવસ્થાએ ગુલાબી ઈયળની મોજણી માટે ફેરોમોન ટ્રેપ લગાડવા. આવા ખેતરોમાં બંધ પાંખડીવાળા (રોઝેટ ફલાવર) અથવા ગુલાબી ઈયળથી નુકશાન પામેલ ફુલો ભેગા કરી નાશ કરવાની કિટ નિયંત્રણની યાંત્રિક પધ્ધતિ અપનાવવી. યોગય વ્યવસ્થાપન પધ્ધતિનાં અમલીકરણથી પાક ફરી પાછો સાજો/તંદુરસ્ત થશે.

| નોંધ | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ (મીમી) | < ૫ | ૫–૨૦ | ૨૦–૫૦ | ૫૦–૮૦ | > ૮૦ |
| | | | | | |

સ્ત્રોત : http://nwp.imd.gov.in/bias/dist_fcst.htm